અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(આરોગ્ય વિભાગ)
મહાનગર સેવા સદન, (આરોગ્ય વિભાગ)
પ્રથમ માળ, આરોગ્ય ભવન,એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, ગીતા મંદિર રોડ ,જમાલપુર, અમદાવાદ
आज़ादी का अमृत महोत्सव

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અંતર્ગત ૨૪x૭ U-PHC માટે નર્સ પ્રેક્ટીશનર ઈન મિડવાઈફરી(N.P.M.)ની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા બાબત**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અંતર્ગત ૨૪x૭ U-PHC માટે **નર્સ પ્રેક્ટીશનર ઈન મિડવાઈફરી(N.P.M.)**ની ૬૭ જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત ભરવા તથા પ્રતિક્ષા યાદી બનાવવાની થાય છે. જે માટે લાયકાત ધરાવતાં ઉમેદવારોએ આ સાથે સામેલ એપ્લીકેશન ફોર્મ સ્વ અક્ષરે ભરી પોતાના શૈક્ષણિક લાયકાત, અનુભવના પ્રમાણપત્ર તેમજ ઉંમરના પ્રમાણપત્ર વગેરે પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે નીચે જણાવેલ સરનામે તા.૧૧/૦૭/૨૦૨૩ થી તા.૧૮/૦૭/૨૦૨૩ રોજ **રજીસ્ટર** એ.ડી. અથવા રૂબરૂ દ્વારા સવારે ૧૦:30 થી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી ફક્ત અરજી કરવાની રહેશે.

| ક્રમ નં. | જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણિક લાયકાત | ઉચ્ચક માસિક વેતન | ઉમર |
|---|---|---|---|---|
| ૧ | **નર્સ પ્રેક્ટીશનર ઈન મિડવાઈફરી (N.P.M.)** | 1.Post Basic Diploma in Nurse Practitioner in Midwifery from the institute recognized by Indian nursing council<br>2. સરકાર માન્ય સંસ્થા માંથી કોમ્પ્યુટરનો બેઝિક કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ<br>3. ગુજરાત નર્સિંગ કાઉન્સિલ રજીસ્ટ્રેશન જરૂરી. | 30,000/- (ફિક્સ)+ ઇન્સેન્ટીવ | મહત્તમ ૪૦ વર્ષ |

શરતો

- પસંદ થયેલ ઉમેદવારોએ નિમણૂંક અગાઉ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે કરાર કરવાનો રહેશે
- પસંદગી પામેલ ઉમેદવારે ૧૨ કલાક રોટેશન ડ્યુટીમાં કામ કરવાનું રહેશે. તેમજ સક્ષમ સત્તા અધિકારી દ્વારા નિર્ધારિત કરેલ શિફ્ટના સમયે અને સ્થળે કામગીરી કરવાની રહેશે.
- ઉપરોકત જગ્યા માટે જે તે તબકકે કોઇપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમણુક રદ કરવામાં આવશે.
- ઉમેદવારે લાયકાતનાં અને અનુભવનાં પ્રમાણપત્રની ચકાસણી કરાવવા સ્વખર્ચે હાજર થવાનું રહેશે.
- અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવનાં તમામ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ જોડેલ નહી હોય તો તેવી અરજી રદ્દ ગણવામાં આવશે તેમજ અરજી ફોર્મ ભર્યા બાદ અરજીમાં દર્શાવેલ વિગતોના તથા અરજી સાથે જોડેલ પ્રમાણપત્રના અસલ પુરાવા રજૂ નહી કરે તો અત્રેની ઓફીસેથી લીધેલ નિર્ણય છેલ્લો ગણાશે. તે અંગે ઉમેદવારનો કોઇ હક્ક દાવો રહેશે નહી.

- ઉમેદવારનો અનુભવ અસલ પ્રમાણપત્ર ચકાસણી વખતે અસલ અનુભવનાં પ્રમાણપત્રને આધારે ગણવામાં આવશે તેઓના નિમણૂંક ઓર્ડરને આધારે અનુભવ ગણાશે નહી.
- જે ઉમેદવારનાં માર્કસ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે-તે યુનિર્વસીટીમાંથી ડીગ્રી મેળવી હોઇ તે યુનિર્વસીટીનું ગ્રેડને ટકાવારીમાં ફેરવવા અંગેનો પ્રમાણપત્ર રજૂ કરવાનો રહેશે. જો ઉમેદવાર આ અંગેનું પ્રમાણપત્ર રજુ ના કરે તો તે ઉમેદવાર ના લઘુતમ માર્ક્સ ગણાશે.
- રાજ્ય સરકાર દ્વારા વખતો વખત મળતી સુચના મુજબ પગાર ધોરણમાં સુધારા વધારા કરવામાં અવશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
- આ જગ્યાની ભરતી પ્રકીયાનાં અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ખાતાના ઉચ્ચ અધિકારીને સંપૂર્ણ  હક્ક/અધિકાર રહેશે અને ઉચ્ચ અધિકારી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- ઉમેદવારની મેરીટ યાદી ઉમેદવારની આવેલ અરજીઓ ઉપરથી તૈયાર કરવામાં આવેલ હોવાથી જો તેમાં કંઇ પણ ક્ષતી અથવા ખોટું કરેલ હોય તેવું જણાશે તો તે ઉમેદવારને મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે.
- સીલેકટ થયેલ ઉમેદવારની નિમણૂંક ૧૧ માસ માટે રહેશે. કોન્ટ્રાકટ પૂર્ણ થતાં જો કર્મચારીની કામગીરી સંતોષકારક હશે તો ૧ દિવસનો બ્રેક આપી તેનો કોન્ટ્રાકટ રીન્યુ કરવામાં આવશે તેમજ  ઉમેદવારે રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નક્કી થતા ધારાધોરણો પ્રમાણે કામગીરી કરવાની
  માટે બંધનકર્તા રહેશે.
- જો રાજ્ય કક્ષાએથી ફાળવવામાં આવતી ગ્રાન્ટ બંધ કરવામાં આવેલ તો આપની નિમણુક રદ કરવામાં આવશે. તે અંગે આપનો અમદવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પર કોઈ હક દાવો રહેશે નહી.
- ઉમેદવારની નિમણૂંક અંગે રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા સુધારો સુચવવામાં આવે તો તે મુજબ સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજૂરીથી તેમાં સુધારો કરવામાં આવશે.

- <u>અરજી મોકલવાનું સ્થળ</u> : **શહેરી કુટુંબ કલ્યાણ એકમ, (ઇન્વર્ડ/આઉટવર્ડ ડીપાર્ટમેન્ટ, બીજો માળ, આરોગ્ય ભવન, જુનુ ટી. બી. હોસ્પિટલ કમ્પાઉન્ડ, જુના એસ. ટી. બસ સ્ટેન્ડની સામે, ગીતા મંદિર રોડ, આસ્ટોડિયા દરવાજા પાસે, જમાલપુર, અમદાવાદ**

મેમ્બર સેક્રેટરી
ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ